સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

મફત-ટેકાથી નિષ્ઠામાં, ગરીબ થતા જાય છે,
લોભે કર્જ વફાદારીમાં, ગરીબ થતા જાય છે.
ગરીબ થતા જાય છે વાસનાવૃત્તિથી ચારિત્ર્યમાં
મેળા અને ઉત્સવોમાં લોકો ગરીબ થતા જાય છે
(ગરીબોના મેળા)

હાઈકુ

જોહુકમીથી
લ્યો ! પોલીસવૃત્તિમાં
આવ્યો આતંક!

સત્તા દબાણે
દબોયાય છે ડોક
ને મરે સત્ય!

ચિંતન

મનસૈવ કૃતં પાપં ન શરીરકૃતં કૃતમ્ ।
યેવૈવાલિંગિતા કાન્તા તેનૈવાલિંગિતા સુતા ॥

ઉપરોક્ત શ્લોક સુભાષિત રત્નભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.

પાપ મન વડે જ થાય છે. મન વિના કેવળ શરીર વડે કરાયેલું તે પાપ નથી. જે માણસ પોતાની પત્નીનું અલિંગન કરે છે તે જ માણસ પોતાનું પુત્રીનું પણ વાત્સલ્યભાવે આલિંગન કરે છે.

પાપ આપણા મન અને વિચારથી જ થાય છે. માનસિક વિકૃતિ જ પાપનું કારણ છે બને છે માણસ પોતાની પત્નીના શરીરને આલિંગન આપે ત્યારે મનમાં જે વાસનાનો વિચાર છે તેવું જ આલિંગન પોતાની પુત્રીને આપે છે ત્યારે તેના મનોભાવમાં પવિત્ર પુત્રીનો મનોભાવ પ્રેમ અને વાત્સલ્યનો હોય છે.

પાપ શારીરિક ક્રિયાથી નહીં મનના વિચારથી જ થાય છે.

સુવિચાર

- પસ્તાવો એટલે ગઈકાલે ખાધેલા અપાચ્ય ખોરાકની આડ અસર - **સંત જયોર્જ**
- દુનિયા એક આધ્યાત્મિક બાલમંદિર છે, જેમાં લાખો, કરોડો બાળકો લાકડાના ચોરસ વડે 'ઈશ્વર' શબ્દ રચવાનો પ્રયત્ન કરી રહ્યા છે - **મુંબઈ સમાચાર**
- તંદુરસ્ત ડાહ્યો વૃદ્ધ એ દુનિયાની સુંદરમાં સુંદર ચીજ છે - **લાઓત્સે**
- ગરીબાઈ એ ગુનાખોરીની અને કાંતિની માતા છે - **એરિસ્ટોટલ**
- આત્મવિશ્વાસ કે મિજાજ ગુમાવ્યા વિના બધું ધીરજપૂર્વક સાંભળવાની શક્તિ તે 'કેળવણી' - **રોબર્ટ ફ્રોસ્ટ**
- લક્ષ્મી તે અન્યને જશે, પૃથ્વીયે અન્યને જશે, અનન્યગામિની તો છે કીર્તિ અને પવિત્રતા - **જનકલ્યાણ**
- આજનું ઔષધ : દ્રાક્ષનો રસ મોં માં ભરી રાખી સવાર-બપોર-સાંજ કોગળા કરવાથી મોં ના ચાંદા મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

સૂફી સંત સાદિકે તેમના શિષ્યને પૂછ્યું, 'અકલમંદ - બુદ્ધિશાળી વ્યક્તિની સાચી ઓળખ શું?' એકે કહ્યું, 'જે - સમજી-વિચારીને જવાબ આપે તે તેને જ અકલમંદ કહેવાય.' સાદિકે કહ્યું, 'પોતાની સમજથી તો દરેક વ્યક્તિ સમજી-વિચારીને જ બોલે છે. પણ હંમેશા એવું થઈ શકતું નથી. એટલે સમજી વિચારીને બોલે તેટલા માત્રથી તે બુદ્ધિશાળી ન કહી શકાય.' બીજાએ કહ્યું, 'નેકી (પુણ્ય) અને બદી (ખરાબ કામ) માં તફાવત કરવો એ અકલમંદનું કામ છે.' સાદિકે કહ્યું, 'નેકી અને બદીનો તફાવત ફક્ત ઈન્સાન જ નહીં પણ જાનવરો પણ સમજે છે. એટલે જેઓ તેમની સેવા કરે છે તેમને તેઓ નુકસાની નથી પહોંચાડતા.' સૌ ચૂપ થઈ ગયા ત્યારે સાદિકે અકલમંદની વ્યાખ્યા કરતા કહ્યું, 'અકલમંદ એ છે કે જે બે વાતોમાંથી જાણી શકે કે વધારે સારી વાત કઈ છે. જાણી શકે કે બે ખરાબ વાતોમાંથી વધારે ખરાબ કઈ છે, વધુમાં સારી અને ખરાબ વાતોની પરખ થયા પછી અકલમંદ માણસ બે સારી વાતોમાંથી જે ઉત્તમ વાત છે તે જ બોલે, એ જ રીતે બે ખરાબ વાતો જાણી ગયા પછી જે સૌથી ઓછી ખરાબ હોય તે જ બોલે. એન આ રીતે બુરાઈથી બચી ને ચાલે. આવો માણસ પાસે કોઈ મોટી મુસીબતથી બચી શકે છે અને બીજા કરતા જલદી સફળ થાય છે.' શિષ્યોને અકલમંદ માણસની વ્યાખ્યા હવે સરળતાથી સમજાઈ.

ધર્મના નામે થતા રક્તપાત

તંત્રીસ્થાનેથી...

ગત બુધવારે કેરળના સબરીમાલા મંદિરમાં બે રજસ્વલા મહિલાઓના પ્રવેશ પછી જે મનોવિટંબણાયુક્ત વાતાવરણ સરજાયું છે તેનો ઉકેલ દેશ કે દુનિયાની કોઈ અદાલત પાસે નથી. વર્ષોથી ચાલી આવતી ધાર્મિક પરંપરા સાથે ચેડાં થાય તે ઘેટાંના ટોળા જેવી પ્રજા કયારેય સ્વીકારી શકે નહીં. સબરીમાલાના ભગવાન અયપ્પાની મર્યાદાનું ઉલ્લંઘન એમના શ્રદ્ધાળુ ભક્તો સહન નહીં જ કરી શકે એનો ખ્યાલ કે વિચાર કર્યા વગર જ બંધારણીય અધિકારોની રૂએ અદાલતો તો પુરુષોની જેમ સ્ત્રીઓ પણ મંદિરમાં પ્રવેશ કરી શકે - એવો ચુકાદો સંભળાવી દીધો. વખત પૂરતો મહિલાઓના અધિકારો માટે લાંબી લડત ચલાવતી બૌદ્ધિક માવડીઓ રાજીની રેડ થઈ ગઈ પરંતુ અદાલતો કે સરકારો કરતાં પ્રજા જ સવિશેષ શક્તિશાળી નીવડી હોય છે તે કેરળમાં આ મુદ્દે ભારતીય જનતા પાર્ટી જેવી હિંદુત્વવાદી પાર્ટી અને સંઘ પરિવાર સહિતનાં હિંદુ સંગઠનો ઉપરાંત હરહંમેશ દરેક મુદ્દે વિપક્ષની ભૂમિકામાં રહેતી કોંગ્રેસ દ્વારા એકી અવાજે થયેલ પ્રતિકારથી પ્રતિપાદિત થયા વિના નહીં રહે. ભાજપ દ્વારા બંધ પળાવાયો તો કોંગ્રેસીઓ ભલે બંધમાં સામેલ ન થયા પણ એ બધાય 'કાળો દિવસ' ઊજવવા તો મેદાનમાં ઊતરી જ પડ્યા. કેરળમાં હિંદુઓ લઘુમતીમાં છે અને એથી ભાજપ ગમે તેટલા ધમપછાડા કરે તો પણ આ દક્ષિણના સ્વર્ગ તરીકેની ઓળખ ધરાવતા રમણીય પ્રદેશમાં એનો ગજ વાગતો નથી. વારાફરતી ડાબેરીઓ અને કોંગ્રેસ કેરળ પર શાસન કરતાં રહ્યાં છે. તેથી જયારે અયપ્પાની મર્યાદાની વાત આવે ત્યારે નાસ્તિક ડાબેરીઓ વિરુદ્ધ શ્રદ્ધાળુ કોંગ્રેસીઓ પણ હિંદુત્વનો જ રાગ આલાપતા લાગે છે. ભાજપ અને સંઘના સમર્થકો ડાબેરીઓનો માર ખાતા રહે છે તો કોંગ્રેસીઓ પણ મુખ્યમંત્રી વિજયનની એસ્કોર્ટ કારથી ઘવાય છે. આખરે આમાં ધર્મને રાજકારણ સાથે પ્રજામાં લોકપ્રિય થવાનો કુત્સિત આશય છે. તો સામે પક્ષે મહિલા અધિકારોની ઝુંબેશ ચલાવતી કર્મશીલ પત્રકાર હોય કે રેશનાલિસ્ટો - એમને બંધારણના માર્ગે અને અદાલતના આદેશ થકી જાણે બહુ મોટી ઐતિહાસિક ક્રાંતિ કરવાની ઉતાવળ આવી ગઈ છે. આખરે આ બેઉ અભિગમ સ્વાર્થપ્રેરિત છે. એમાં પ્રજાને થનાર નુકશાન, જાનહાનિ કે રક્તપાતનો તો કોઈ વિચાર સુધ્ધાં કરતા તૈયાર નથી. લોકશાહીનાં કેટલાંક અનિવાર્ય અનિષ્ઠો પૈકીનું આ પણ એક અનિષ્ઠ જ ગણાવું જોઈએ. જો પરંપરા મહિલાઓને અયપ્પાનાં દર્શન કરવાની છૂટ ન આપતી હોય તો મહિલાઓએ એવો આગ્રહ જ શું કામ રાખવો જોઈએ? અયપ્પાની કૃપા વગર એમનું દળદર ફીટે જ નહીં એવું થોડું છે ? પરંતુ વાત જયારે અહમ્‌ની ટકરામણ સુધી પહોંચી જાય ત્યારે જ અદાલતોમાં પગથિયાં પણ ચડવાં પડે છે અને ત્યારે જ બિનજરૂરી રક્તપાત થતો હોય છે. કટ્ટર રાજાશાહનીમાં આવું નથી થઈ શકતું તેમ ઈસ્લામિક દેશોમાં અદાલતો આવા અધિકારો નથી આપી શકતી તે કોણ નથી જાણતું?

સહી બાત સહી વક્ત પર કી જાય, તો ઉસકા મઝા હી કુછ ઔર હૈ, ઔર મૈં સહી વક્ત કા ઈન્તઝાર કરતા હૂં

સહી બાત સહી વક્ત પર કી જાય, તો ઉસકા મઝા હી કુછ ઔર હૈ, ઔર મૈં સહી વક્ત કા ઈન્તઝાર કરતા હૂં

- ત્રિશૂલ

ડાયલોગથી દેવભાષા
ડો. જય ઓઝા

અમિતાભ બચ્ચન અને સંજીવ કુમાર અભિનિત ૧૯૭૮ની બ્લોક બસ્ટર 'ત્રિશૂલ' ને કોણ ભૂલી શકે? યશ ચોપડા દિગ્દર્શિત આ ફિલ્મને સલીમ-જાવેદની બેલડીએ લખી હતી. 'મુકદર કા સિકંદર', 'ડૉન' અને 'ત્રિશૂલ' જેવી ત્રણ - ત્રણ બ્લોક બસ્ટર એક જ વર્ષમાં અમિતાભ બચ્ચને આપી હતી. અમિતાભ બચ્ચન અને સંજીવ કુમારના ધાણી ફૂટ સંવાદોનો તરખાટ દર્શકોને ડોલાવી ગયો હતો. આજે પણ ટી.વી. પર આ ફિલ્મ આવતી હોય તો રીમોટ પર આંગળી અટકી જાય છે.

ફિલ્મમાં અમિતાભ બચ્ચન આ સંવાદ બોલે છે. ખૂબ જ મર્માળુ અને અર્થસભર બોલનાર પાત્ર અમિતાભનું આ ફિલ્મમાં છે.

સુભાષિત રત્નાભાંડાગારમાં આવા જ અર્થસામ્ય વાળું સુંદર અવતરણ મળી આવે છે.

अवसरपठिता वाणी गुणगणरहितापि शोभते पुंसाम् ।

- પ્રસંગાનુસાર કહેલી વાણી ગુણરહિત હોય તો પણ સુંદર લાગે છે અને વક્તાની શોભા વધારે છે.

જો સમયસર શબ્દો નીકળે તો તેનું મહત્ત્વ અદકેરું બની જાય છે. પરંતુ જો સમય યોગ્ય ન હોય તો ત્યારે કહેલી સારી વાત પણ હાસ્યનું કારણ બનતી હોય છે.

अनवसरे यदुक्तं सुभाषितं तच्च भवति हास्याय ।

સારી વાત પણ અયોગ્ય જગ્યાએ કહેવાથી હાસ્યનું કારણ બને છે.

આપણી વાણી/જિહ્વાનો યોગ્ય ઉપયોગ કરવો એ તો કળા છે. કારણ કે શબ્દ જ તારે અને શબ્દ જ મારે.

સુભાષિત રત્નભાંડાગારમાં જીવનના પથને દર્શાવતી આવી અઢળક રત્નકણિકાઓ સંગૃહિત છે.

- jayuoza@gmail.com,
Mo. 9898046488

છઠ્ઠીએ માતૃભાષાની કાર્યશાળા

વૃત્તસંચય

● ગુર્જરધરાની ગરવી અને વ્યક્તિત્વના ધબકતા પ્રાણસમી માતૃભાષા ગુજરાતની સત્ત્વને જાણવા-માણવા અને નિખારવા તથા ગુજરાતીના ભાષાશાસ્ત્ર અને ભાષાના મૂળરૂપ વ્યાકરણની સમજૂતિ માટે કાર્યરત 'માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન' સંસ્થા દ્વારા યોજવામાં આવતી કાર્યશાળાઓ અંતર્ગત; સોળમી માતૃભાષા કાર્યશાળા તા.૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૧૯ને રવિવારના રોજ બપોર ૩.૦૦ થી ૫.૩૦ દરમિયાન, ચિલ્ડ્રન યુનિવર્સિટીના સભાખંડ, સેક્ટર-૨૦, ગાંધીનગર ખાતે યોજાશે. આ કાર્યશાભામાં ભાષાના શાસ્ત્રોક્ત જ્ઞાનના જ્ઞાતા સુશ્રી પિન્કીબેન પંડ્યા, ગુજરાતી માતૃભાષા અને વ્યાકરણ સંબંધિત ઉપસ્થિત પ્રશ્નોની જિજ્ઞાસાનું સમાધાન કરશે અને ગૌરવાન્વિત ગુજરાતી માતૃભાષા પ્રત્યે રસ, રૂચિ અને અહોભાવ જાગે તે માટે સવાલોના જવાબોની આપલે કરશે. આથી આ કાર્યશાળામાં અચૂક પધારવા સર્વેને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

● અમદાવાદ ખાતે જે.બી. એન્ડ કાર્પ વિદ્યા સંકુલ ખાતે કાવ્ય સમીક્ષાના રસાસ્વાદનો અનોખો કાર્યક્રમ યોજાઈ ગયો, જેમાં ધો.૧૧ અને ૧૨નાં વાણિજ્ય વિભાગનાં ૧૦૦ બાળકો અને ૩૦ શિક્ષકોએ હોંશભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં કવિ સુરેશભાઈ વિરાણી થતા કવિયત્રી પ્રજ્ઞાબેન તથા વિવિધ ભાવોમાં, નવરંગી વિશેષભાવ સાથે વણીને છંદ અને અલંકાર મિશ્રિત માતૃભાષાની ગરિમાનો સુપેરે પરિચય કરાવ્યો હતો.

- muljibhaidadhi@gmail.com

ઝવેરચંદ મેઘાણીના સાહિત્યમાં ગાંધી દર્શન

ઝવેરચંદ મેઘાણીના સાહિત્યમાં ગાંધી દર્શન

પહેલી નજરે ગાંધીના સંદર્ભમાં મેઘાણીના સાહિત્ય સર્જનની વાત કદાચ કોઈને બંધ બેસતી ન લાગે. મેઘાણીની સાહિત્યયાત્રા અને ગાંધી વિચારની વાતો એ બન્ને અલગ તથા એકબીજાથી સ્વતંત્ર તેમજ જોડાણ ન હોય તેવા વિષય લાગે. મેઘાણીનો વિશેષ પરિચય તથા તેમની લોકપ્રિય છબી એક સમર્થ લોકસાહિત્યકાર તરીકેની છે. મેઘાણીએ લોહી અને પરસેવો એક કરીને લોકસાહિત્યના સંશોધન માટે કપરી ખેપો કરી છે. બીજી તરફ ગાંધીએ જીવનના દરેક શ્વાસે રાષ્ટ્રની સ્વાધિનતા માટે ચિંતા કરી છે. આમ છતાં ગાંધી તથા મેઘાણી અનેક મુકામો પર વિચાર તેમજ વ્યવહારની દ્રષ્ટિએ એકબીજાની લગોલગ જણાયા છે તે પણ એક હકીકત છે. વિચારની આ વાત વ્યક્તિગત મુલાકાતના પ્રસંગ સુધી પણ વિસ્તારી શકાય તેવી મનોહર છે. ગાંધીજીને મેઘાણી મુંબઈમાં ૧૯૪૪ માં મળ્યા ત્યારે ગાંધીજીને મૌનનો દિવસ હતો. ગાંધીજીએ મેઘાણી સાથેની આ મુલાકાત પહેલાની રાણપુરની મુલાકાત આનંદથી યાદ કરી તે મુજબ તેમણે લખીને સ્પષ્ટ કરી. ત્યારબાદ મેઘાણીભાઈએ અનેક ગીતો ગાંધીજીને આદરભાવ સહિત સંભળાવ્યા. ગાંધીજીની પ્રસન્નતાના સર્જક મેઘાણી હક્કદાર બન્યા. મેઘાણીએ બાપુને કહ્યું કે આપનું ભેટ ભરાઈ જાય તેટલા ગીતો સંભળાવ્યા છે. જવાબમાં વિશ્વમાનવ ગાંધીએ તદ્દન હળવી શૈલિમાં મેઘાણીને લખીને કહ્યું : " મારું પેટ જલ્દી ખાલી થઈ જાય છે ! તેની ચિંતા ન કરશો. " બાપુને જાણે હજુ પણ આ ધૂળધોયા લોકસાહિત્યકારને વિશેષ માણવા હતા. મુલાકાત તો એક નાનો છતાં મહત્વનો ઐતિહાસિક સંદર્ભ છે. પરંતુ ગાંધીના વિચારોની તેમજ ગાંધીયુગના પ્રવાહોની ઊંડી અસર મેઘાણીના સાહિત્ય પર પડેલી છે. તેમાંની કેટલીક રચનાઓ તો કાળના કપરા પ્રવાહમાં પણ ઝંખવાય કે વિસ્મૃત થાય તેવી નથી.

અંગ્રેજોની શોષણયુક્ત શાસન વ્યવસ્થાને કારણે હિન્દુસ્તાનની બરબાદી થઈ છે તે વાત ગાંધીજીએ દાંડીકૂચ (૧૯૩૦) શરૂ કરતા પહેલા વાઈસરોયને ખુલ્લા પત્રમાં લખી જણાવી હતી. જ્યારે શાસકીય વ્યવસ્થામાં શોષણનું મેળવણ થાય ત્યારે સામાન્ય જનનું દૈનિક જીવન દોહ્યલું બને છે. છેવાડાના માનવીની કઠણાઈઓનો આલેખ સતત ઊંચો જતો રહે છે. ગાંધીજી માટે સામાન્ય લોકોની હાડમારી એ ચિંતાનો મુખ્ય વિષય હતો. અનેક પીડીતજનોની આ મુંગી વેદનાના ઊંડા નિશ્વાસ મેઘાણીએ પણ બરાબર ઝીલ્યા છે. આધિ – વ્યાધિ તથા ઉપાધિના વમળોમાં ફસાયેલા સામાન્યજનની વાત સર્જક મેઘાણીએ ચોટદાર રીતે ઘણ અને એરણની વિષાદપૂર્ણ વાતના માધ્યમથી રજૂ કરી છે.

ઘણ રે બોલને એરણ સાંભળે હો જી..
બંધુડો બોલેને બેનડ સાંભળે હો જી..
એ..જી સાંભળે વેદનાની વાત –
વેણે રે વેણે હો સત – ફૂલડાં ઝરે..
ભઠ્ઠિયું જલે રે બળતા પોરની હો..જી
ધમણ્યું ધમે રે ધખતા પોરની હો..જી
ખન ખન અંગારે ઓરાણા
કસબી ને કારીગર ભરખાણાં
કોડ નર જીવતા બફાણાં –
તોય પૂરાં રોટા નવ શેકાણાં
હો એરણ બેની.. ઘણ રે બોલેને...

સર્જક ઝવેરચંદ મેઘાણી માત્ર સાહિત્યકૃતિનું સર્જન કરીનેજ ગાંધી વિચારથી જોડાયેલા ન હતા. આ કવિ તો ગાંધીના આકરા એલાનને ઝીલીને હૈયાબળથી બ્રિટીશ સત્તાધિશો સામે ઝઝૂમ્યા હતા. દાંડીકૂચનાજ માહોલમાં મેઘાણીને એક બનાવટી કેસ ઊભો કરીને નિયંત્રણમાં લેવા સત્તાધિશોએ આયોજિત પ્રયાસ કર્યો. ધંધુકાની અદાલતમાં તેનો કેસ ચાલ્યો. દલીલો તથા સરકારી તપાસના નિવેદનો ધ્યાનમાં લઈને અદાલત તરફથી મેઘાણીને

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

કારાવાસ ફરમાવવામાં આવ્યો. પરંતુ શબ્દોના સ્વાધિન ઉપાસકને બંધનમાં રાખી શકે તેવી કોઈ સત્તા હોતી નથી. ચૂકાદો જાહેર થયા પછી મેઘાણીએ બુલંદ સ્વરે પોતાની રચના અનેક લોકોની હાજરી વચ્ચે અદાલતમાં રજૂ કરી. ગાંધીની મુક્તિ માટે મરી ફીટવાની ઝંખના અને અમર આશાવાદની છબી આકાવ્યના પ્રાણવાન શબ્દોમાં ધારદાર રીતે પ્રગટી છે. સાંભળનારા અનેક હૈયા આ અમર રચના સાંભળીને પોતાના આસું ખાળી શક્યા ન હતા. ગાંધીના રંગે રંગાયેલી સર્જક મેઘાણીની આ શાબ્દીક અભિવ્યક્તિ આપણાં સાહિત્યની એક ગૌરવ કરી શકાય તેવી રચના છે. પરમ તત્વના પાવન ચરણોમાં થયેલી "છેલ્લી પ્રાર્થના" છે.

હજારો વર્ષની જૂની
અમારી વેદનાઓ
કલેજા ચીરતી કંપાવતી
અમ ભય કથાઓ
મરેલાંના રુધિરને
જીવતાંના આંસુડાઓ
સમર્પણ એ સહુ
તારે કદમ પ્યારા પ્રભુઓ
નથી જાણ્યું અમારે પંથ
શી આફત ખડી છે
અબર છે આટલી કે
માતની હાકલ પડી છે
જીવે મા માવડી એ
કાજ મરવાની ઘડી છે
ફિકર શી જ્યાં લગી
તારી અમો પર આંખડી છે.

ગાંધીયુગની અસર તે કાળમાં સર્જાયેલા સઘળા સાહિત્ય પર થઈ છે. મેઘાણીએ પણ મન મૂકીને ગાંધીને ગાયા છે. દર્શકદાદાએ કહ્યું છે તેમ શિક્ષિત તથા શહેરી વર્ગની ગામડાના લોકો કે અશિક્ષિત લોકો તરફની સૂગ ભરેલી દ્રષ્ટિ દૂર કરવામાં ઝવેરચંદ મેઘાણીની કલમે ખૂબ મોટું યોગદાન આપેલું છે. રાષ્ટ્રના આવા બે ભાગને જોડવાનું ગાંધીનું કાર્ય મેઘાણીની કલમે ખૂબી તથા ખંતથી કરેલું છે. સાહિત્યકાર – સંશોધક તથા સર્જક મેઘાણીની કલમ થકી ગાંધી વિચારની પ્રસાદી સમાજને નોંધપાત્ર રીતે મળી છે. ૧૯૩૧ માં ઈંગ્લાંડમાં યોજવામાં આવેલી ગોળમેજી પરિષદમાં જવું કે ન જવું તે બાપુ માટે મહત્વનો પ્રશ્ન હતો. ગોરા શાસકો તરફથી પરિષદની ફલશ્રુતિ તરીકે કોઈ છૂટછાટો હિન્દુસ્તાનને મળે તેવી સંભાવના નહિવત હતી. આવા સંજોગોમાં ગાંધીજીના મનોમંથનને શબ્દોમાં ખૂબીપૂર્વક ઢાળવાનું કામ ઝવેરચંદ મેઘાણીએ કર્યું. બાપુ સુધી આ કાવ્ય પહોંચે તેવી પણ વ્યવસ્થા ગોઠવવામાં આવી. આ કાવ્ય ખૂબજ પ્રસિધ્ધ થયું છે. "છેલ્લો કટોરો" શિર્ષકથી લખાયેલું આ કાવ્ય મહાત્માને પસંદ પડ્યું. કારણ કવિએ બાપુના મનના ભાવ તેમાં સુપેરે ઝીલ્યા હતા.

છેલ્લો કટોરો ઝેરનો
આ પી જજો બાપુ
સાગર પીનારા અંજલી
નવ ઢોળજો બાપુ.

મેઘાણીના કાવ્યોમાં ગાંધી વિચાર દર્શનની એક ભાતીગળ છાપ ઉપસવા પામી છે.

મહાત્મા ગાંધીને ના.મ.દેસાઈ અને 'યો વૈ ભૂમા, તત્ સુખમ'

નારાયણ દેસાઈને મહાદેવભાઈ દેસાઈના પુત્ર તરીકે ઓળખવા એ એમના માટે અને આપણા માટે પણ અયોગ્ય છે. ગાંધીજીની સાથે બચપણ અને યુવાનીના થોડા દિવસો પસાર કર્યા હતા એવા નારાયણ દેસાઈના જીવનમાં ગાંધી વિચાર અને આચાર હાડોહાડ વ્યાપેલા હતા. આમ તો ગાંધીએ તેમની તેમની આત્મકથાને સત્યના પ્રયોગો અથવા આત્મકથા એમ એમ કહ્યું છે પરંતુ ગાંધીના રંગે રંગાયેલા મહાદેવભાઈ દેસાઈ અને તેમના તેમના પુત્ર નારાયણભાઈ એ ગાંધીમય બની ને જીવન સાર્થક કર્યું. એમના જીવનને આપણે 'ગાંધીના પ્રયોગો' એમ કહીએ તો પણ ખોટું ના કહેવાય. મહાત્મા ગાંધીની સાર્ધ શતાબ્દી પ્રસંગે આપણે આ કોલમમાં ગાંધીની વાતો કરીએ પણ એની સાથે અનોખા ગાંધીયન હોય એવા અનેક ઉમદા ગાંધીયન વ્યક્તિત્વની પણ આપણે વાતો કરવી છે, એની શરૂઆત નારાયણભાઈથી કરી શકાય. ગુજરાતના સમાજજીવનમાં ઉમદા વ્યક્તિત્વમાં એક નામ નારાયણભાઈનું પણ. નારાયણભાઈને આપણે તેમના કામથી પિછાણવાનો પ્રયાસ કરીશું. આખું ભારત આમ તો તેમના નામ અને કામથી પરિચિત છે. મહાદેવભાઈએ ગાંધીજીના રહસ્યમંત્રી તરીકે કામ કર્યું અને ગાંધી સહવાસમાં તેમણે જે નોંધ કરી એ 'મહાદેવભાઈ દેસાઈની ડાયરી' એક ખૂબ જ જાણીતું અને ગાંધીના કાર્યો નો ચિતાર આપતું એક અગત્યનું દસ્તાવેજી કાર્ય છે. મહાદેવભાઈના પુત્ર નારાયણભાઈએ એક જ કામ કર્યું હોત તોપણ ગાંધી વિચારને બહુ મોટી અંજલી હતી. ગાંધીજીની ગેરહાજરીમાં તેમણે આબાલવૃદ્ધ સહુ કોઈને ગાંધીની એક નવતર ઓળખ નારાયણભાઈએ ગાંધી કથાના માધ્યમથી આપી. તેમનું આ હિમાલય કાર્ય સદૈવ યાદ રહેશે પરંતુ આજે નારાયણભાઈને આપણે એક લેખક તરીકે તેમણે ગાંધીવિચારનું કેવી રીતે પ્રસરણ કર્યું હતું તેની વિગતો જોઈશું.

નારાયણભાઈ ના પુસ્તક 'મને કેમ વીસરે રે' એક સુંદર મજાનું પુસ્તક છે. આ પુસ્તકની પ્રસ્તાવનામાં સાક્ષર શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ આવકાર આપતા લખ્યું છે: 'નારાયણભાઈ નું વ્યક્તિત્વ સમજવા તેમનો કવિતા રસ પણ સમજવો પડે. તેમના મિજાજમાં, તેમની મર્મજ્ઞતામાં પ્રવેશ કરવો જોઈએ. કવિઓને તેઓ હંમેશા સંભારે છે. અને કવિવર ટાગોર તો તેમની વાતમાં હોય જ'.

વિષ્ણુપ્રસાદ ત્રિવેદી આ પુસ્તકને આવકાર આપતા સુવર્ણ રજ રૂપી આશિર્વચન પાઠવતા લખે છે, આજની દેશની અવસ્થા જોતા હજાર ૧૯૧૫ થી ૧૯૫૫ના યુગને સુવર્ણયુગ કહી શકાય મહદઅંશે તે સમયના અથવા તે સમયમાં જેમણે એ યુગની પ્રેરણા લીધી એ સંસ્મરણો આ પુસ્તકના વિષયમાં છે. શ્રી નારાયણ દેસાઈને મહાદેવભાઈના પુત્ર તરીકે ગુજરાત ઓળખે છે પણ એમનું વિશિષ્ટ વ્યક્તિત્વ અને કાર્ય ગુજરાત જાણતું નથી, કેમકે તેમનો સેવા પ્રદેશ ગુજરાત બહાર હતો. અને સામાજિક અને સેવાલક્ષી સંબંધો પણ ગુજરાત બહાર છે. જો કે હમણાં દશકાથી એમના કાર્યક્ષેત્રમાં

સ્વામી આનંદ અને જુગતરામ દવેને અર્પણ થયેલું પુસ્તક આપણે કેમ વીસરી એ રે ?

સમુદાય કેળવણી આવ્યા છે. જુગતરામ દવેના દેહાવસાન પછી નારણભાઈનું સેવા ક્ષેત્ર દક્ષિણ ગુજરાતના પછાત વર્ગના શિક્ષણ દ્વારા સર્વાંગી સેવા રહેશે(હતું).

વિષ્ણુપ્રસાદના શબ્દોમાં કહીએ ભાઈ નારાયણનું વ્યક્તિત્વ નિરાળું છે. એમાં આર્જવ ને કોમળતા, લાગણી અને સંવેદનશીલતા છે ને દ્રઢતા, સ્પષ્ટ ભાષા અને આત્મશ્રદ્ધા છે. તેમના લેખોની ખૂબી એ છે કે અન્યનો પરિચય આપતા એમનો પોતાનો પરિચય પણ થઈ જાય છે. મને કેમ વીસરે રે' દ્વારા એમના સંસ્કાર રાશિની 'સુવર્ણ રજ' ઠામ ઠામ જશે એવી આશા તેમણે વ્યક્ત કરી હતી. આ ગ્રંથનું શીર્ષક 'મને કેમ વીસરે રે' એ વસ્તુસૂચક અને ભાવ પ્રેરક છે. એક ભાવ અન્ય રીતે થાય છે. આપણે કેટલું બધું ભૂલી ગયા!

મોટા મોટા પુરુષોના, મહાન નારીઓના નામોનું રટણ કરીએ છીએ પણ મિથ્યા. ચરોતરની એક અભણ પણ બહાદુર નારીનું સ્વાતંત્ર સંગ્રામમાં મારથી પગ ભાંગે છે, સુરતનો એક કોલેજ વિદ્યાર્થી કે સામાન્ય કારકુન લાઠી ખાઈ જેલમાં જાય છે અને ગાંધી તેમને વીરગતિનો ઉત્સાહ આપે છે –

'હતો વા પ્રાપ્યસિ સ્વર્ગમ્'.

સાબરમતીના સંતનો બોલ જોતજોતામાં કાવેરી અને બ્રહ્મપુત્રા પહોંચી જાય છે. સરદાર, નહેરુ, રાજેન્દ્ર અને ચિતરંજન જેવા મહારથીઓ અવતરે છે. એ ભાવનાને શ્રદ્ધા, એ તિતિક્ષાને એ દ્રષ્ટિ ક્યાં ગયા? એનો જ આજે ઊંડો વિષાદ છે એવી વાત આજના ભારતની હવામાં છે. 'મને કેમ વીસરે રે' એ આ ગ્રંથનું નામાભિધાન આપણે માટે અન્ય રીતે સાર્થક છેએમ તેઓ લખે છે.

ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

કવિએ કવિને જ ઉછેર્યો છે. જીવનના ઘણા રંગો નારાયણભાઈએ જોયા છે. ઘણી ભૂમિકાઓ તેમણે ઓળંગી છે. નારાયણ કહે છે, તમારું ઘર, તમારું ગામ, તમારી ન્યાત, તમારી ભાષા, તમારો દેશ, તમારી સંસ્કૃતિ તમારે સારું નાના-મોટા વર્તુળ બનાવી જતી હોય છે. બડભાગી લોકો આ વર્તુળોને લાંઘી જતા હોય છે. જેમ જેમ આ વર્તુળો ઓળંગાતા જાય તેમ માનવતાની મહિમા વધુને વધુ ઓળખાતી જાય છે અને ઉપનિષદના ઋષિ સાથે સહજ રીતે ગાઈ શકાય છે: "યો વૈ ભૂમા, તત્ સુખમ".

બહુ નાનકડી વાતમાં નારાયણભાઈએ 'વસુધૈવ કુટુંબકમ'ની સંકલ્પના વ્યક્ત કરી દીધી. તમારું ગામ, તમારા પડોશ અને તમારા સમાજની વાડમાં તમે જો ઊછરતા રહો તો સમગ્ર દુનિયા અને દુનિયાના લોકોથી દૂર રહેશો સંકુચિતતામાં રમમાણ રહેશો. મજાની વાત એ છે કે શ્રીવિષ્ણુપ્રસાદ ત્રિવેદી લખે છે જે ભુમા છે, જે વિશાળ છે તે સુખ છે. કોણ જાણે કયા જન્મના પુણ્ય જન્મ જ ગાંધીના વિશાળ પરિવારમાં થયો એ પરિવારની ભુમા, ધર્મ, રંગ, ભાષા વગેરેના કુંડાળા ક્યાંય ઓગળી ગયા'. નારાયણભાઈ વિશે અને તેમના જીવન વિશે, મહાત્મા ગાંધી સાથેના પિતા અને પુત્ર બે પેઢી ના સંબંધો વિશે વિષ્ણુભાઈ વધુ તો કશું કહેતા નથી પરંતુ એક સરસ મજાની વાત તેમણે 'મને કેમ વીસરે રે' પુસ્તક વિશે કરતા લખ્યું છે આ ગ્રંથ ઈતિ-હ-આસ તરીકે અસાધારણ મૂલ્ય વાળો છે; પણ તે ઉપરાંત એ સાહિત્ય કૃતિ લેખે સરસ છે, સુંદર છે, રસમય છે. એની શોભા અનોખી છે.' સુવર્ણ રજ' શબ્દમાં સુવર્ણ નો મહિમા છે. એનું જ મૂલ્ય છે. આ સુવર્ણને માટે ત્યાં જવાની જરૂર નથી; હાથ લાંબો કરોને પામશો.

આ પુસ્તકની પહેલી આવૃત્તિ ને લગભગ ત્રણ દાયકાથી વધારે સમય થયો છે, તેમ છતાં ના.મ.દેસાઈ જેમને મામા અને કાકા તરીકે દર્શાવતા હતા એવા સ્વામી આનંદ અને જુગતરામ દવેને અર્પણ કરાયેલા આ પુસ્તકનું આજે પણ એટલું જ મહત્વ છે. મજાની વાત એ છે નારાયણભાઈ આ પુસ્તકમાં ગાંધી વિચાર સાથે જોડાયેલાં ૨૯ જેટલા મહાન માણસોની વાતો લેખ રૂપે માંડી છે પરંતુ ૨૯ જેટ